જા.નં.:મા–૨/નિષ્ઠા તાલીમ/૨૦૨૧/ ૧૬૧૪૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ–૩,જિલ્લા સેવા સદન–૨,
અઠવાલાઈન્સ,સુરત.
તા.૨/૧૨/૨૦૨૧.

પ્રતિ,

આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની રજીસ્ટર **સરકારી/ગ્રાન્ટેડ/સ્વ નિર્ભર**
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તરફ.

**વિષય:**–માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોને નિષ્ઠા 2.0 શિક્ષક તાલીમના ૧ થી ૧૨ના કોર્સમાં જિલ્લાના તમામ શિક્ષકોને જોડવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, એન.સી.ઈ.આર.ટી.ના દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં સરકારી, ગ્રાન્ટેડ,અને ખાનગી(સ્વ નિર્ભર) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોન NISHTHA 2.0 (National Initiative For School Heads and Teachers Holistic Advancemant) તાલીમ આપવાનું ઓગષ્ટ–૨૦૨૧થી આયોજન થયેલ છે. નિષ્ઠા સેકન્ડરી કોર્સમાં શિક્ષકો અને આચાર્યોએ કુલ–૧૩ કોર્સની તાલીમ ઓનલાઈન મોડથી દીક્ષા પ્લેટફોર્મ પર મેળવવાની હતી. આ તાલીમના ૧ થી ૧૨ કોર્સ નવેમ્બર માસમાં પુર્ણ થયેલ છે.

પરંતુ એવું જાણવા મળ્યુ છે કે, કેટલીક સ્વનિર્ભર શાળાઓના આચાર્ય નિષ્ઠા તાલીમ બાબતે દુર્લક્ષતા સેવે છે. જે ખુબ જ ગંભીર બાબત છે. પરિણામે રાજય કક્ષાએ સુરત જિલ્લાનું નબળુ પરિણામ જોવા મળે છે. આથી તાકીદ કરવામાં આવે છે. કે,તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફે નિષ્ઠા તાલીમ મોડયુલ ૧ થી ૧૨ની તાલીમ મેળવી લેવાની રહેશે. જો આ બાબતે કંઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આચાર્યની અંગત જવાબદારી ગણવામાં આવશે. જેની ગંભીરપણે નોંધ લેશો.

અત્રેની કચેરીની વેબસાઈડ પર તા.૧/૧૨/૨૦૨૧ના રોજ મુકાયેલ નિષ્ઠા તાલીમના બે પરિપત્રોનો અભ્યાસ કરી દિન–૦૩માં કામ પુર્ણ કરવા જણાવવામાં આવે છે અને તે અંગેનો અહેવાલ QDC કક્ષાએ જમાં કરાવવાનો રહેશે. જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો–સુરત.